सत्यमेव जयते

રજુ.તા. ૧૭/૦૨/૨૦૨૬
દાખલ તા. ૧૭/૦૨/૨૦૨૬
ફેંસલ તા. ૨૭/૦૫/૨૦૨૬

---

**ઝગડીયાના મહેરબાન અધિક ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)સાહેબની કોર્ટમાં,મુ.ઝગડીયા.**

---

ફોજ.કેસ.નં.૪૫૭/૨૦૨૬

આંક :

શ્રી સરકાર .....ફરીયાદી

વિરૂધ્ધ

(૧) ટીનુબેન ઉર્ફે ટીના વિનોદભાઈ વસાવા,
(૨) સુંદરબેન દાદુભાઈ વસાવા,
(૩) અમીષાબેન અજયભાઈ વસાવા,
(૪) નિર્મળાબેન સુનીલભાઈ વસાવા,
નં. ૧ થી ૩ રહે. રાણીપુરા,તા.ઝઘડીયા,જી.ભરૂચ,
નં.૪ રહે નિકારો,તા.જી.ભરૂચ .....આરોપીઓ

| | |
|---|---|
| ગુન્હો | ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨),૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ.... |

ફરીયાદી તરફે વિ.એ.પી.પી શ્રી એન.પી.ઉમરીયા.

આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી–એમ.એલ.વસાવા.

<u>– : ચુકાદો : –</u>

(૧) ફરીયાદ પક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના સાહેદ રાણીપુરા ગામે પોતાના ઘરે દશેક વાગ્યાના અરસામા હાજર હતા તે દરમ્યાન આ કામના આરોપી નં.૧ તથા ૨ આવી સાહેદને મા બેન સમાણી ગાળો બોલી સાહેદ સાથે ઝપાઝપી કરી તેઓના હાથમા રહેલ લાકડીના સપાટા વડે બંને હાથ તથા પગ તેમજ પીઠના ભાગે ગમે તેમ સપાટાનો માર મારેલ અને આ વખતે બીજા બે આરોપી નં.૩,૪ નાઓ પણ ત્યા આવી સાહેદને ઢીકાપાટુનો માર મારી સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.શ્રી ના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫ (૧), ૩૫૨, ૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ ગુનો કર્યાની ફરિયાદી ની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી, તપાસનીશ અધિકારીને તપાસ સોંપતાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી લાગતા વળગતા શાહેદોના જવાબો નોંધી, આરોપીઓ  સામે પૂરતો પુરાવો જણાતા હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) સદરહું કામે આરોપીઓ સામે સમન્સ કરતાં, આરોપીઓ હાજર થતાં તેઓને **બી.એન.એસ.એસની કલમ–૨૩૦** હેઠળ પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરી,આરોપીઓ વિરૂધ્ધ તેઓનુ નિવેદન નોંધવામાં આવતાં, તેઓએ તેમની સામેનાં

આરોપનો ઈન્કાર કરતાં સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીઓનું **બી.એન.એસ.એસની કલમ–૩૫૧** હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતા ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) ત્યારબાદ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. પક્ષકારોનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળી. સદરહું કેસનો ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે આ કામના સાહેદ રાણીપુરા ગામે પોતાના ઘરે દશેક વાગ્યાના અરસામા હાજર હતા તે દરમ્યાન આ કામના આરોપી નં.૧ તથા ૨ આવી સાહેદને મા બેન સમાણી ગાળો બોલી સાહેદ સાથે ઝપાઝપી કરી તેઓના હાથમા રહેલ લાકડીના સપાટા વડે બંને હાથ તથા પગ તેમજ પીઠના ભાગે ગમે તેમ સપાટાનો માર મારેલ અને આ વખતે બીજા બે આરોપી નં.૩,૪ નાઓ પણ ત્યા આવી સાહેદને ઢીકાપાટુનો માર મારી સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.શ્રી ના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૧), ૩૫૨,

૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

<u>– : કા ર ણો : –</u>

<u>મુદા નંબર ૧ –</u>

(૬) ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામા આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવીરીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાનાં મુલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું

તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૭) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવામાં ઉપસ્થિત થયેલ હકીકતને ઘ્યાને લઈએ તો,સદર કામે આંક–૭ થી ફરીયાદી પારૂલબેન સુકાભાઈ તથા આંક–૯ થી સાહેદ મંજુબેન રાજેશભાઈ નાઓની જુબાની નોધવામા આવેલ જેમા તેઓએ બનાવના દિવસે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, તેઓને કોઈએ કોઈ પ્રકારની ગાળ, કોઈ પ્રકારનો માર કે કોઈ સાધન વડે માર મારેલ હોય કે કોઈ પ્રકારની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી તેમજ ઝપાઝપીમા પડી જવાથી તેઓને પડી જવાથી ઈજાઓ થયેલ તે સિવાય બનાવમા બીજુ કશુ બનેલ નહી તેવી હકીકત જણાવેલ છે. આમ, સદરહુ બંને સાહેદોએ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને અક્ષરક્ષ: સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલ જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે. પરંતુ તેમાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડી શકે તેવી કોઈ હકીકત બહાર આવતી જણાઈ આવતી નથી. ત્યારબાદ સદરહુ સાહેદોની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા પણ તેઓને કોઈએ કોઈ પ્રકારની ગાળ કે માર કે કોઈ સાધન વડે માર મારેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેઓને ઈજા પડી

જવાથી થયેલ તેમજ આરોપીઓ સાથે તેઓને ખાનગી રાહે સમાધાન થઈ ગયેલ હોય કેસ આગળ ચલાવવો નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સાહેદો સ્વયં ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતને સમર્થન આપતા ન હોય અને ફરીયાદમા જણાવ્યા મુજબ તેઓને કોઈ પ્રકારે ગાળ બોલી કોઈ સાધન વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકતને સમર્થન આપતા ન હોય ત્યારે ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનુ તહોમત સંશયરહીત પુરવાર કરી શકેલ હોવાનુ માની શકાય નહી. સદર પુરાવામાં આંક–૮ થી ફરીયાદ, આંક–૧૦ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક–૧૧ થી મુદામાલ કબજે કર્યાનું પંચનામુ, આંક–૧૨ તથા ૧૩ થી મેડીકલ સર્ટી તથા આંક–૧૪ થી જાહેરનામુ એડમીટ કરવામાં આવે તો પણ ફરીયાદીની જુબાની જોતા તેનુ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી. આમ,સમગ્ર પુરાવો જોતાં આ કામના આરોપીએ ફરીયાદમા જણાવ્યા મુજબનુ કોઈ કૃત્ય કરેલ હોવાનુ પુરવાર થતુ ન હોય,આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય તેવો કોઈ પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી ત્યારે આરોપી સામેનો આરોપ શંકા થી પર સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદા નંબર ૧ નો નિર્ણય તે રીતે નકારમાં ઠરાવી મુદા નં.૨ હેઠળ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧. આરોપીઓને **બી.એન.એસ.એસની કલમ–૨૭૮** હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે કબજે કરવામા આવેલ મુદામાલ હથીયારનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૩. પ્રત્યેક આરોપીએ રૂ.૨૫,૦૦૦/–ના જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ, ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

તારીખ: ૨૭/૦૫/૨૦૨૬

સ્થળ : ઝઘડીયા

( **J.S.RATHORE** )

**ADDI CIVIL JUDGE & J.M.F.C**

**JHAGADIA,**

**JUDGE CODE NO GJ01695**